# 76

## મધ્યાહન ભોજન યોજનામાં સમયસર રાશન ન મળવા બાબત

*15/3/465: **શ્રી કાન્તીભાઈખરાડી**(દાંતા) **: માનનીય શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે**:-**

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૧૫/૦૮/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મધ્યાહન ભોજન કેન્દ્રોમાંરાશનનો જથ્થો સમયસર ન મળતો હોવાની કેટલી ફરિયાદો રાજ્ય સરકારને મળી, | (૧) | • તા.૧૫/૦૮/૨૦૨૧ થી તા.૧૫/૦૮/૨૦૨૨ મળેલ રજુઆતો-૦૧<br>• તા.૧૬/૦૮/૨૦૨૨ થી તા.૧૫/૮/૨૦૨૩ મળેલ રજુઆતો-૧૩ |
| (૨) | ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) | મળેલી ફરિયાદો અન્વયે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગર દ્વારા તાકીદે જથ્થો ઉપલબ્ધ કરાવવાની કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવ્યુ. |
| (૩) | ઉક્ત સ્થિતિએ મધ્યાહન ભોજન કેન્દ્રોમાંરાશનનો જથ્થો સમયસર મળે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા છે? | (૩) | • ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગર સાથે સતત પત્રવ્યવહાર તથા બેઠકોનું આયોજન કરવામાં આવે છે. જથ્થાનાઆવકની સતત સમીક્ષા કરવામાં આવે છે.<br>• વધુમાં પી.એમ. પોષણ(મધ્યાહન ભોજન) યોજનાનાસ્ટોકમેનેજમેન્ટ અને મોનિટરીંગપોર્ટલ મારફત જથ્થાની દૈનિક સમીક્ષા કરવામાં આવે છે. જે કેન્દ્રો/તાલુકા/જીલ્લામાંજથ્થાના પ્રશ્નો હોય ત્યાં તાત્કાલિક જથ્થો ઉપલબ્ધ કરાવવા માટે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગરને જણાવવામાં આવેલ તથા નિગમ દ્વારા જરૂરીયાત મુજબ એક તાલુકા ગોડાઉનથી બીજા તાલુકા ગોડાઉનમાં જથ્થો તબદીલ કરવામાં આવ્યો તથા સપ્લાયરો દ્વારા તાત્કાલિક જથ્થો પુરો પાડવામાં આવે તે માટે કાર્યવાહી કરવામાં આવી.<br>• તાલુકા કક્ષાએ સ્થાનિક વ્યવસ્થા એટલે કે, શાળાઓ વચ્ચે જથ્થાની આપ-લે કરવામાં આવી. |